# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

********************************************************

1. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું , 2029 પહેલા દેશની તમામ પંચાયતોમાં સહકારિતા સમિતિની રચના કરાશે..
2. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે વિકસિત ભારતના લક્ષ્યને પૂર્ણ કરવા માટે આઠ ટકા GDP વૃદ્ધિની જરૂરિયાત પર ભાર મૂક્યો.
3. ભારતને સામાજિક સુરક્ષામાં ઉત્કૃષ્ટ સિદ્ધિ માટે પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સામાજિક સુરક્ષા સંગઠન પુરસ્કાર 2025 એનાયત કરાયો
4. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માસિક રેડિયો કાર્યક્રમ, મન કી બાત, ના આજે 11 વર્ષ પૂર્ણ
5. અમદાવાદમાં રમાઈ રહેલી પહેલી ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતે 100થી વધુ રનની સરસાઈ મેળવી

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH – HARYANA

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું , 2029 પહેલા દેશની તમામ પંચાયતોમાં સહકારિતા સમિતિની રચના કરાશે.

**(બાઈટ – અમિત શાહ, હરિયાણા)**

હરિયાણાના રોહતકમાં 825 કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત સૌથી મોટા સાબર ડેરી પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતા શ્રી શાહે જણાવ્યું , દેશના ડેરી ક્ષેત્રમાં છેલ્લા 11 વર્ષમાં 70 ટકાનો વધારો થયો છે.

**(બાઈટ – અમિત શાહ, સાબરડેરી)**

. . . . . . . . . .

# SITHARAMAN-KAUTILYA CONCLAVE (EARLY)

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે આજે વિકસિત ભારતના લક્ષ્યને પૂર્ણ કરવા માટે આઠ ટકા **GDP** વૃદ્ધિની જરૂરિયાત પર ભાર મૂક્યો. નવી દિલ્હીમાં કૌટિલ્ય આર્થિક સંમેલનના ઉદ્ઘાટન સત્રને સંબોધતા , શ્રીમતી સીતારમણે કહ્યું કે , વૈશ્વિક અસ્થિરતા વચ્ચે દેશનો વિકાસ તેના સ્થાનિક પરિબળો પર મજબૂત રીતે આધારિત છે. તેમણે ભાર મૂક્યો કે વૈશ્વિક આંચકાઓને સહન કરવાની દેશની ક્ષમતા મજબૂત છે.

તેમણે એ પણ ભાર મૂક્યો કે ભારતીય અર્થતંત્ર સ્થિતિસ્થાપક છે અને ટકાઉ રીતે વિકાસ કરવાનું ચાલુ રાખે છે. તેમણે વધુમાં જણાવ્યુ કે વૈશ્વિક સ્તરે ભૂરાજકીય સંઘર્ષો તીવ્ર બની રહ્યા છે , ત્યારે વર્તમાન જરૂરિયાતોને પહોંચી વળવા માટે વૈશ્વિક સંસ્થાઓમાં સુધારાની હાકલ કરી.

. . . . . . . . . .

# INDIA-ISSA AWARD

ભારતને સામાજિક સુરક્ષામાં ઉત્કૃષ્ટ સિદ્ધિ માટે પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સામાજિક સુરક્ષા સંગઠન એવોર્ડ 2025 થી સન્માનિત કરવામાં આવ્યું છે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ આજે મલેશિયાના કુઆલાલંપુરમાં આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

આ પ્રસંગે ડૉ. માંડવિયાએ કહ્યું કે , આ એવોર્ડ દરેક નાગરિક માટે સામાજિક કલ્યાણ સુનિશ્ચિત કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોનો પુરાવો છે. મંત્રીએ દેશના મજબૂત ડિજિટલ જાહેર માળખા પર પ્રકાશ પાડ્યો હતો.

શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું હતું કે આ પુરસ્કાર વૈશ્વિક સ્તરે સામાજિક સુરક્ષા પ્રણાલીમાં દેશની અસાધારણ પ્રગતિને માન્યતા આપે છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# GUJ-REVENUE CONFERENCE

ગુજરાતના ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન પર બે દિવસીય રાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ થયો. ઉદ્ઘાટન સત્રને સંબોધતા, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિક-કેન્દ્રિત અભિગમને પ્રોત્સાહન આપવા અને પાયાના સ્તરે જમીન અધિકારો સુનિશ્ચિત કરવા માટે જમીન રેકોર્ડનું ડિજિટાઇઝેશન અને સ્વદેશી ટેકનોલોજી સાધનોનો ઉપયોગ કરવાના મહત્વ પર ભાર મૂક્યો.

**(બાઇટ : CM BHUPENDRA PATEL)**

મુખ્યમંત્રીએ નોંધ્યું હતું કે આ પરિષદ રાજ્યોને શ્રેષ્ઠ પ્રથાઓ અને નવીનતાઓ રજૂ કરવા માટે એક મંચ પૂરું પાડીને દેશભરમાં જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપનને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગ્રામીણ વિકાસ મંત્રાલય હેઠળના જમીન સંસાધન વિભાગ દ્વારા આયોજિત , આ પરિષદમાં વિવિધ વિષયો પર વિષયો પર પેનલ ચર્ચાઓ થશે. વિવિધ રાજ્યોના મહેસૂલ અધિકારીઓ સહિત જમીન વહીવટના હિસ્સેદારો મોટી સંખ્યામાં આ પરિષદમાં ભાગ લઈ રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MANN KI BAAT 11 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માસિક રેડિયો કાર્યક્રમ, મન કી બાત, ના આજે 11 વર્ષ પૂર્ણ થયા છે. 'મન કી બાત 'ની પ્રથમ કડી 3 ઓક્ટોબર 2014ના રોજ વિજયાદશમીના અવસરે પ્રસારિત થયો હતો. તાજેતરમાં , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાર્યક્રમના 126ની કડીમાં દેશને સંબોધિત કર્યું છે.

આ કાર્યક્રમ માત્ર એક રેડિયો શો નથી , પરંતુ સાંસ્કૃતિક અને સામાજિક પરિવર્તનનું પ્રતિક છે , જે દેશના દરેક ખૂણા સુધી પહોંચ્યું છે. તે સરકાર અને નાગરિકો વચ્ચે સીધો સંવાદ સ્થાપિત કરે છે , સામાજિક પરિવર્તનને પ્રેરણા આપે છે અને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવે છે.

'મન કી બાત ' એ માત્ર નીતિઓને જન આંદોલનોમાં પરિવર્તિત કરી નથી , પરંતુ એ પણ દર્શાવ્યું છે કે નેતાનો અવાજ દેશના દરેક ભાગ સુધી કેવી રીતે પહોંચી શકે છે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . .

# COTTON PROCUREMENT CENTRES

કેન્દ્ર સરકારે 11 રાજ્યોમાં અત્યાર સુધીના સૌથી વધુ 550 કપાસ ખરીદ કેન્દ્રો શરૂ કર્યા છે. આ કેન્દ્રો દેશના કપાસ ઉત્પાદક પ્રદેશોમાં સ્થાપિત કરાયા છે , જેથી ખેડૂતોને તેમના ઉત્પાદનના વેચાણમાં મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે.

પ્રાદેશિક પાક તૈયારી સાથે ખરીદીને સંરેખિત કરવા માટે , કપાસ ખરીદી ઝુંબેશ પહેલી ઓક્ટોબરથી પંજાબ , હરિયાણા, રાજસ્થાનમાં શરૂ થઈ છે. 15 ઓક્ટોબરથી ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, અને ઓડિશા તેમજ 21 ઓક્ટોબરથી તેલંગાણા, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, અને તમિલનાડુમાં શરૂ થશે.

. . . .

# BIHAR SCHEME NITISH

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના હેઠળ આજે 25 લાખ મહિલા લાભાર્થીઓના બેંક ખાતામાં 10 હજાર રૂપિયાની રકમ ટ્રાન્સફર કરી. કુલ બે હજાર 500 કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

તેમણે રાજ્યના વિવિધ ભાગોમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજનાના લાભાર્થીઓ સાથે વાતચીત કરી હતી. તેમણે કહ્યું કે આ યોજનાનો ઉદ્દેશ સ્વરોજગાર અને નાના વ્યવસાયો ચલાવવામાં રસ ધરાવતી મહિલાઓને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે.

તેમણે જણાવ્યુ હતું કે જેઓ સફળતાપૂર્વક પોતાના ઉદ્યોગો ચલાવે છે તેઓ બે લાખ રૂપિયા સુધીની વધારાની સહાય મેળવવા માટે પાત્ર બનશે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગયા મહિનાની 26મી તારીખે વર્ચ્યુઅલી આ યોજના શરૂ કરી હતી. તે પ્રસંગે , 75 લાખ મહિલા લાભાર્થીઓના બેંક ખાતામાં પ્રત્યેકને 10 હજાર રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

. . . . . . . .

# MEITY GAMING DRAFT

સરકારે ઓનલાઈન ગેમિંગ નિયમો , 2025ના પ્રચાર અને નિયમનના મુસદ્દા પર નાગરિકો પાસેથી પ્રતિભાવો મંગાવ્યા છે. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે ,ડ્રાફ્ટ નિયમો પર પ્રતિભાવ અને સૂચનો આ મહિનાની 31મી તારીખ સુધીમાં ogrules.consultation@meity.gov.in પર ઇમેઇલ દ્વારા મોકલી શકાશે.

મુસદ્દા નિયમોમાં ઓનલાઈન ગેમ્સની માન્યતા , વર્ગીકરણ અને નોંધણી , ઓનલાઈન સોશિયલ ગેમ્સ અને ઈ-સ્પોર્ટ્સના પ્રચાર માટે નિયમનકારી માળખાની જોગવાઈ કરાઇ છે , જેમાં ભારતીય ઓનલાઈન ગેમિંગ સત્તામંડળની સત્તા અને કાર્યોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . .

# CRICKET IND VS WI

ક્રિકેટમાં, અમદાવાદમાં રમાઈ રહેલી પહેલી ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતે 100થી વધુ રનની સરસાઈ મેળવી છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ભારતના 4 વિકેટે 276 રન થયા છે. મેચના બીજા દિવસે, કેએલ રાહુલે તેની કારકિર્દીની 11મી સદી ફટકારી છે.

ભારતના કેપ્ટન શુભમન ગિલ બીજા દિવસે પોતાની અડધી સદી ફટકાર્યા પછી તરત જ આઉટ થઈ ગયા. તાજેતરના અહેવાલ મુજબ, રવિન્દ્ર જાડેજા 29 પર અને ધ્રુવ જુરેલ 43 પર બેટિંગ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . .

# US-LEBANON

અમેરિકાએ લેબનીઝ સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહને નિઃશસ્ત્ર કરવા માટે 23 કરોડ ડોલરની રકમ મંજૂર કરી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ રકમમાં લેબનીઝ સશસ્ત્ર દળો માટે 19 કરોડ ડોલર અને આંતરિક સુરક્ષા દળો માટે 4 કરોડ ડોલરનો સમાવેશ થાય છે. અમેરિકન કોંગ્રેસના ડેમોક્રેટિક કાયદા નિર્માતાઓએ કહ્યા મુજબ 30 સપ્ટેમ્બરના રોજ પૂરા થતા નાણાકીય વર્ષ પહેલાં જ આ ભંડોળ બહાર પાડવામાં આવ્યું હતું.

દરમિયાન લેબનીઝ રાષ્ટ્રપતિ જોસેફ અઓન અને પ્રધાનમંત્રી નવાફ સલામે સુરક્ષા દળોને વર્ષના અંત સુધીમાં દેશભરના તમામ શસ્ત્રો જપ્ત કરવા જણાવ્યું છે. જો કે હિઝબુલ્લાહે નિઃશસ્ત્રીકરણના કોલને નકારી કાઢ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .